હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હમણાં તમે આઘા રહો... ઓપનીંગ જોડી રમી લે પછી તમારો વારો...

રાજયભરના શિવાલયો ભકિતનાદથી ગુંજી ઉઠયા

સોમનાથ સહિત મંદિરોમાં શિવભકતોનું ઘોડાપૂર રહ્યું

અમદાવાદ,તા. ૨૧

આજે દેવાધિદેવ મહાદેવની મહાશિવરાત્રિના પવિત્ર પર્વને લઈ અમદાવાદ શહેર સહિત રાજયભરના શિવાલયો હર..હર...મહાદેવ, ઓમ નમઃ શિવાયના ભકિતનાદથી ગુંજી ઉઠયા હતા. વહેલી સવારથી જ શિવભકતોએ પવિત્ર જળ, દૂધ, બિલીપત્ર, ગુલાબ સહિતના પુષ્પ, કાળા તલ સહિત અન્ય ધનધાન્યથી શિવજીના અભિષેક માટે લાંબી લાઈનો લગાવી હતી. આજની મહાશિવરાત્રિએ મહાનિશિથકાળ રાત્રે ૧૨-૨૯થી ૧-૧૭ સુધીનો રહ્યો હોઈ આ સમય દરમ્યાન શિવભકતોએ ભોળાનાથની વિશેષ પૂજા ભકિત કરી શિવપૂજાનું અનેકગણું અને વિશેષ ફળ પ્રાપ્ત કર્યુ હતું. તો, આજે જૂનાગઢના ભવનાથના મેળામાં પણ બહુ પવિત્ર અને ઐતિહાસિક મહાત્મ્ય ધરાવતું મૃગી કુંડમાં મધ્યરાત્રિએ અનેક સાધુ-સંતો, મહંતો, મહામંડલેશ્વરો, દિગંબર સાધુઓના સ્નાનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. મહાશિવરાત્રિને લઈ આજે અમદાવાદ સહિત રાજયભરના શિવાલયોમાં ઓમ નમઃ શિવાય, મહામૃત્યુંજય મંત્રના પવિત્ર ઉચ્ચારણ સાથે ભોળાનાથના શિવલિંગને ભવ્ય અભિષેક કરવામાં આવ્યા હતા. રાજયના સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ અને દ્વારકા પાસેના નાગેશ્વર મહાદેવ ખાતે તો શ્રધ્ધાળુ ભકતો કિડિયારાની જેમ ઉભરાયા હતા અને મહાશિવરાત્રિના પર્વ નિમિતે ભોળાનાથના દર્શન કરી આશીર્વાદ મેળવવા રીતસરની પડાપડી કરી હતી. મહાશિવરાત્રિના પર્વને લઈ અમદાવાદ શહેર સહિત રાજયભરના શિવમંદિરોમાં શિવજીના અભિષેક-બિલીપત્રની પૂજા, આરતીના વિશેષ આયોજનો કરવામાં આવ્યા હતા. સુપ્રસિધ્ધ સોમનાથ મંદિરમાં આજે મહાશિવરાત્રિને લઈ ભોળાનાથની વિશેષ પૂજા-આરતી અને મહામૃત્યુંજય યજ્ઞ સહિતના આયોજનો કરવામાં આવ્યા હતા. ડભોઈ તાલુકાના કરનાળી ખાતે નર્મદા નદીના કિનારે આવેલા સુપ્રસિદ્ધ શ્રી કુબેર ભંડારી મંદિરના દર્શન માટે સવારથી શ્રદ્ધાળુઓની લાંબી કતારો લાગી હતી.

તો, સુપ્રસિધ્ધ એવા કાયાવરહોણના શ્રી લકુલીશ મહાદેવ તેમજ દેણા ગામ ખાતે આવેલા શ્રી વ્યાસેશ્વર મહાદેવ મંદિર ખાતે મેળા ભરાયા હતા. ભોળાનાથના દર્શન અને અભિષેક માટે મોડી રાત સુધી ભકતોની લાંબી લાઈનો લાગી હતી. આ વર્ષે પણ સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર આ વર્ષે મહાશિવરાત્રિના પર્વને લઈ ખાસ કરીને ભકતોને ભોળાનાથના શાંતિથી દર્શન થઈ શકે તે હેતુથી અવિરતપણે ૪૨ કલાક ખુલ્લુ રાખવામાં આવ્યું હતું તો, સોમનાથ મંદિર અને સમગ્ર પરિસરને ઝળહળતી રોશની અને અનેક આકર્ષણોથી શણગારી નયનરમ્ય રીતે સુશોભિત કરાયું હતું. મહાશિવરાત્રિને લઈ આજે સોમનાથ દાદાને ભવ્યાતિભવ્ય પાઘડી સાથેનો શણગાર કરવામાં આવ્યો હતો, જે શ્રધ્ધાળુ ભકતોનું મન મોહી લેતો હતો.

ખૂણેખાંચરેથી

- આજે મહાશિવરાત્રિની જાહેર રજા હોવા છતાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત અંગેની તૈયારીઓમાં વ્યસ્ત જિલ્લાની કચેરીઓ ખુલ્લી રહી હતી.
- ગાંધીનગરની ચિલ્ડ્રન યુનિવર્સિટી અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન ગાંધીનગર દ્વારા માતૃભાષા સજ્જતા, સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે વિવિધ શ્રેણીમાં આપેલ યોગદાન માટેના પુરસ્કારોથી સન્માનિત કરવાનો એક કાર્યક્રમ ૨૩ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવેલ છે.
- ગાંધીનગર શહેરમાં ઘણા બધા સેક્ટરોમાં પુનઃ ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- ૨૬મીએ રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ રાજયનું ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર રજુ કરવાના હોવાથી નાણાં વિભાગમાં તે માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.
- રવિવારે રાત સુધીમાં ગાંધીનગર પહોંચવા માટે ભાજપના સભ્યોને ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. ૨૪મીએ આ ધારાસભ્યો મોટેરા સ્ટેડિયમમાં નમસ્તે ટ્રમ્પના યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લઈ શકે તે માટે આ સૂચનાઓ આપવામાં આવી છે. જો કે બે દિવસ બાદ વિધાનસભાનું સત્ર શરૂ થનાર છે.

સરઢવ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા મહા શિવરાત્રી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સરઢવ દ્વારા રણછોડરાયજી મંદિર, આથમણી ભાગોળ ખાતે આયોજિત બરફના દિવ્ય જ્યોતિર્લિંગ અને વિશ્વ નવનિર્માણ આધ્યાત્મિક પ્રદર્શનનું દિપ પ્રગટાવી ઉદ્ઘાટન કર્યા બાદ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ સાથે બ્રહ્માકુમારીઝ ગાંધીનગર સંચાલિકા આદરણીય કૈલાશદીદીજી, સરઢવ સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે. હીરાબેન તથા ગામના આમંત્રિત આગેવાનો દેખાય છે.

અમદાવાદ ખાતે કે.પી. વિદ્યાર્થીભવનનો શિલાન્યાસ ૨૫મીએ યોજાશે

અમદાવાદ, તા. ૨૧

આગામી તા. ૨૫ ફેબ્રુઆરી મંગળવારના દિવસે અમદાવાદ શહેરના ગુલબાઈ ટેકરા એલિસબ્રિજ ખાતે આવેલી અમીન પી. જે. કે. પી વિદ્યાર્થી ભવનનો શિલાન્યાસ ગાંધીનગર લોકસભાના સંસદ અને દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે થનાર છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહીત મેહસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ અને ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રેહનાર છે. આ અદ્યતન સંકુલ જૂન ૨૦૨૧ થી કાર્યરત થઈ જશે તે માટેના તમામ પ્રયાસો ચાલી રહ્યા છે.

સમાજ સેવાથી રાષ્ટ્ર સમર્પિત ૧૯૩૨થી કાર્યરત પીઢ ઐતિહાસિક શૈક્ષણિક સંસ્થા કેપી વિદ્યાર્થી ભવનના પ્રાંગણમાં ૧૮૦૦ દીકરા-દીકરીઓને રહેવા, અભ્યાસ કરવા માટે એસી રૂમો (અટેચ બાથરૂમ), લાઈબ્રેરી, કમ્પ્યુટર લેબ, ટ્રેનિંગ સેન્ટર, સહીતની અદ્યતન સુવિધાઓ પ્રાપ્ત થશે. આ સંકુલ નવ ફ્લોરનું રહેશે, આ સંકુલમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે રહેવા માટે અલગ અલગ બ્લોક રહેશે. એમ અમીન પી.જે.કે.પી. વિદ્યાર્થી કેમ્પસના પ્રમુખ સતીશભાઈ પટેલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૧૯૩૨માં દાતા રામચંદ્રભાઈ જમનાદાસ અમીનના દાનથી ખરીદાયેલ અમદાવાદ એલિસબ્રિજ વિસ્તારની જમીન પર પોતાના ભાઈ અમીન પરસોતમભાઈ જમનાદાસના નામકરણ સાથે અમદાવાદમાં એલિસબ્રિજ ગુલબાઈ ટેકરા પાસે કે.પી. વિદ્યાર્થી ભવનની શરૂઆત થઈ હતી જેમાં ગુજરાતના પનોતા પુત્ર અને લોખંડી પુરુષની નામના ધરાવતા સરદાર વલ્લભભાઈ પટેલે સંસ્થામાં રહીને ભારતની આઝાદીની ચળવળ ચલાવેલી તેવી આ ઐતિહાસિક સંસ્થાને નવો અવતાર આપવા વિઝન ૨૦૨૦ પ્રોજેક્ટ અંતર્ગત જૂની ઈમારતની જગ્યાએ નવી આધુનિક સગવડો સાથેનું બહુમાળી બિલ્ડીંગ બનાવવાનું નક્કી કરાયું હતું અને આ બિલ્ડીંગ સંભવતઃ જૂન ૨૦૨૧ માં ચાલુ પણ થઈ જશે.

ગુજરાતના અંતરિયાળ ગામડાઓમાંથી વધુ અભ્યાસ માટે આવતા સર્વ ધર્મના વિદ્યાર્થી દીકરા-દીકરીઓના જીવન ઘડતર માટે આ ભવન એક આદર્શ રૂપ બનશે તેમણે આમ પણ જણાવ્યું હતું કે આ સંસ્થામાંથી ૩૫૦૦૦ થી વધુ સર્વ ધર્મના વિદ્યાર્થીઓ જેમાં રાજકીય મહાનુભાઓ, મોટા ઓદ્યોગિક ગૃહોના માલિકોએ પણ અહીં અભ્યાસ કર્યો છે.

તાજેતરમાં ઊંઝા ખાતે યોજાયેલ ન ભૂતો ના ભવિષ્ય એવા જગત જનનીમાં ઉમિયાના લક્ષચંડી મહા યજ્ઞ દરમિયાન અંતરિયાળ ગામડાના વિદ્યાર્થીઓને શહેરમાં ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધી કરવાના ઉમદા સેવા કાર્યના પ્રણેતા તરીકે અમીન પી.જે.કે.પી. વિદ્યાર્થી ભવનના આદ્યસ્થાપક ભૂમિ દાતા રામચંદ્ર જમનાદાસ અમીનને મરણોત્તર અવૉર્ડ એનાયત કરીને નવાજવામાં આવ્યા હતા. આ અવૉર્ડ રામચંદ્ર અમીનના સુપુત્ર અને કે પી વિદ્યાર્થી ભવનના ઉપપ્રમુખ મધુસુદનભાઈ રામચંદ્ર અમીને સ્વીકાર્યો હતો.

પુ રવિશંકર મહારાજની ૧૩૭ મી જન્મજયંતિ નિમિત્તે આજે ઘ-પ સ્થિત તેમની પ્રતિમાને નગરની વિવિધ સંસ્થાના પદાધિકારીઓએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ ઉપરાંત જયોતિ મહીલા મંડળ, જુસીકા , સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, સાહીત્ય સભા , ગાંધી મિત્ર મંડળ, આત્મન ફાઉન્ડેશન , જાગૃત નાગરિક પરિષદ સહીતની સંસ્થાના પ્રતિનિધિઓએ પુ રવિશંકર મહારાજની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

મેઘરજના ક્રિષ્ણાપુર ગામે ખાનગી ફાયનાન્સ કંપનીના કર્મચારી પર હૂમલો

મેઘરજ, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં અસામાજિક તત્વો કાયદો હાથમાં લેતા અચકાતા નથી. જીલ્લામાં હવે હુમલાની ઘટનાઓ છાશવારે બનતી હોય તેવું લાગી રહ્યું છે. મેઘરજના ક્રિષ્ણાપુર ગામના શખ્સો ખાનગી ફાઈનાન્સ કંપનીમાંથી લોન લઈ બાઈક ખરીદી હતી. લોનનો હપ્તો લેવા ગયેલા કર્મચારી અને તેની સાથે રહેલા શખ્સ પર અન્ય શખ્સ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે હુમલો કરતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. મેઘરજ પોલીસે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજના ક્રિષ્ણાપુર ગામમાં રહેતા કનૂરભાઈ મગનભાઈ વીજપડાએ ખાનગી ફાયનાન્સ કંપનીમાંથી લોન લઈ બાઈક ખરીદી હતી. ખાનગી ફાયનાન્સ કંપનીમાં ફરજ બજાવતા કર્મચારી દિનેશભાઈ અરજણભાઈ બારીયા અને અશોકભાઈ હમો લેવા તેમના ઘરે જતા તેમની પત્ની સાથે હપ્તા અંગે ચર્ચા કરતા નજીકમાં રહેલો રવિ વીજપડા નામના શખ્સે કર્મચારીઓ પર લાકડીથી હુમલો કર્યો હતો, હાથે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ જીવ બચાવવા દોડી ગયા અને આસપાસ મદદ માંગી અને જેમ તેમ કરીને સલામત સ્થળે પહોંચ્યા હતા. ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલ કર્મચારીને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. મેઘરજ પોલીસે દિનેશભાઈ અરજણભાઈભાઈ બારીયા (રહે. લાલાવાડા, માલપુર)ની ફરિયાદના આધારે રવિ કાબાભાઈ વીજપડા વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વોલ્વામાં ગામમાં જમીન બાબતે ઝઘડો કરી જાતિવિષયક શબ્દો બોલતાં ફરિયાદ

મોડાસા, તા. ૨૧

મોડાસા નજીક આવેલ વોલ્વા ગામની જમીન બાબતે કેટલાક ઈસમોએ અનુસૂચિત જાતિ સમાજના વ્યકિતને આ જમીન કેમ વેચાણ રાખી છે તેમ કહી પાંચ જણાએ એક સંપ થઈ ગાળો બોલી અને જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલતાં ફરિયાદીએ મોડાસા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરતાં પોલીસે એટ્રોસીટી એક્ટ હેઠળ પાંચ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વોલ્વા ગામની સીમમાં આવેલ સરવે નં-૨૦૧ જેનો જુનો સરવે નં-૧૬૫ છે જે જમીન બ્લોક ફેક્ટરી નવી વસાહતના ભાનુભાઈ હીરાભાઈ રાઠોડે વેચાણ લીધી હતી. જે અંગે ખલીકપુરના ડાહ્યાભાઈ હીરાભાઈ ખાંટ, હિતેશભાઈ ડાહ્યાભાઈ ખાંટ, કાન્તીભાઈ ડાહ્યાભાઈ, વિજયભાઈ અમરાભાઈ અને ઈશ્વરભાઈ અમરાભાઈએ ગેરકાયદેસર મંડળી રચી એક સંપ થઈને ભાનુભાઈને આ જમીન કેમ વેચાણથી લીધી છે તેમ કહી ગાળો બોલી હતી અને જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલ્યા હતા. આ અંગે ફરિયાદી ભાનુભાઈએ મોડાસા ટાઉન પોલીસ મથકમાં જાણ કરી ફરિયાદ આપતાં મોડાસા ટાઉન પોલીસે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

કથકના માધ્યમથી પ્રેક્ષકોએ ભ્રાંતિની દુનિયામાં ડૂબકી લગાવી અને 'તકરીર'માં કાવ્યાત્મક વાતચીતની મજા માણી

ગાંધીનગર, તા. ૨૧

અમે એ વાતમાં વિશ્વાસ ધરાવીએ છીએ કે, અભિવ્યક્તિના મંચ પર આપણા સમયની કળાઓ અને તેના સર્જકો જે કંઈ પણ રજૂ કરે છે તે ફક્ત અસાધારણ અભિવ્યક્તિઓને રજૂ કરવાની ઉત્કઠતા નહીં પરંતુ અસંખ્ય વાર્તાઓને લોકો વચ્ચે પહોંચાડવાની એક વિચારધારા છે.

ગઈકાલે કદમ પરીખે પોતાના નૃત્ય દ્વારા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને તેમને ભ્રાંતિની દુનિયામાં લઈ ગયા હતા. 'ભ્રાંતિ' થીમ પર આધારિત આ કૃતિમાં કદમ એવી વ્યક્તિ વિશે વાત કરે છે જે કલ્પના કરી શકે છે, વિચારી શકે છે અને પોતાની કલ્પનાઓને વાસ્તવિકતાથી આગળ લંબાવશે. આનાથી વ્યક્તિને આત્મવિશ્વાસ અને સકારાત્મક ઉર્જા મળે છે તથા તે દુનિયાથી અલગ હોવાની અનુભૂતિ કરી શકે છે. પોતાના અભિવ્યક્ત અને મનમોહન ડાન્સ મૂવ્સ સાથે તે વિવિધ સંશાધનો અને લાઈટ ટેકનીક્સનો ઉપયોગ કરી માનવ ઉર્જા દ્વારા વિજ્યુઅલ્સ બનાવે છે જે સામાન્ય રીતે મલ્ટિમીડિયા પ્રસ્તુતિઓમાં જોવા મળે છે.

બીજી પ્રસ્તુતિ 'તકરીર'માં રાજન પંચાલ અને સોનિયા મિશ્રાએ વાતચીત કરી. આ પ્લેટફોર્મ પરફોર્મન્સમાં ભારતના કેટલાક મુખ્ય કવિઓએ પોતાની રચનાઓ વિશે જે કંઈ કહ્યું અને તેના પર વર્તમાન પેઢીના કવિઓના મંતવ્યો શું છે તેના પર હતુ.

કુડાસણ ખાતે એમઆરએફના નવા શો રૂમનું ઉદ્ઘાટન કરાયું

ગાંધીનગર નજીક વિકાસ પામતાં વિસ્તાર કુડાસણમાં એમઆરએફનાં નવાં શો રૂમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. રિલાયન્સ કોસ રોડ પાસે આ શો રૂમના શુભારંભ પ્રસંગે એમઆરએફનાં માર્કેટ ડેવલોપમેન્ટનાં વાઈસ પ્રેસિડન્ટ રમન કુમારે કહ્યું કે, એમઆરએફ ધ્વારા ઈમ્પોર્ટેડ મશીન અને વર્લ્ડ ક્લાસ ટેક્નોલોજીના ઉપયોગથી સતત નવી પ્રોડકટ આપવામાં આવી રહી છે જેમાં એમઆરએફનાં વિકાસમાં ગ્રાહકોનો સુરક્ષા સહિત મજબૂતી માટે અતૂટ વિશ્વાસ રહ્યો છે.

એમઆરએફના આ નવા શો રૂમ તથા સર્વિસ સેન્ટર પર ટાયર સર્વિસને લગતી તમામ સેવાઓ જેવી કે વ્હીલ એલાઈમેન્ટ, એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સિંગ અને ઓટોમેટીક ટાયર વગેરે અત્યાધુનિક આયાતી મશીનો દ્વારા થાય છે. ટ્યુબલેસ ટાયર રિપેર અને ટાયરનું નાઈટ્રોજન હવા ભરવાની પણ ઓફર કરે છે. ગ્રાહકોની ગાડીઓની સર્વિસ અને વાતાનુકુલિત વાતાવરણમાં ટાયરની ખરીદી કરી શકે છે. આ પ્રસંગે માલિક હિરેન પટેલ, શ્રોફ અશોકભાઈ પટેલ સહિત રીજિયોનલ સર્વિસ મેનેજર અભિનય લાગતે, ડિસ્ટ્રીકટ મેનેજર દેવનાથ બેનરજી ઉપસ્થિત રહ્યા હતા.

સિસોદિયાની બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય રાજયમોમાં નિગમોને ૪૮૮ રૂપિયા પ્રતિવ્યક્તિ પ્રતિવર્ષની દ્રષ્ટિએ હિસાબ આપે છે. હાલમાં દિલ્હી નગરનિગમ માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ ફંડ મળતા નથી. સિસોદિયાએ કહ્યું છે કે, કેન્દ્રીય કરવેરામાં દિલ્હી માટેના હિસ્સાની પણ માંગ કરવામાં આવી છે. દિલ્હીમાં સ્કુલ, હોસ્પિટલો ખોલવા, યમુનાને સ્વચ્છ કરવા, વિજળી પાણીની વ્યવસ્થા કરવા મદદ મળે તેવો હેતુ રાખવામાં આવ્યો છે.

ભાવિકો ભીંજાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડાયા હતા. સમદર્શન આશ્રમમાં શિવરાત્રીની ઉજવણીને અનુલક્ષી પુર્વ સંધ્યાએ યોજાયેલા સંકીર્તન બાદ શિવરાત્રીના દિવસે સવારે સંકુલમાં સ્થિત દિવ્ય અને ભવ્ય કૃપાનિધિ મહાદેવના મંદિરમાં ઓમ નમ : શિવાયની અખંડ ધુનમાં પણ મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. જયારે મંદિરમાં વૈવિધ્યસભર શ્રૃંગાર વચ્ચે ભાવિકોએ વિવિધ દ્રવ્યોથી શિવલીંગ પર અભિષેક કર્યો હતો. આરતી અને ભજન કિર્તનમાં પણ મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી ધન્યતા અનુભવી હતી.જયારે જલારામ મંદિરમાં પણ શિવરાત્રી નિમિત્તે ધ્વજાની શોભાયાત્રા તેમજ બિલીપત્રનો અભિષેક કરવામાં આવ્યો હતો. સે-૨૭ બ્રહ્માકુમારીઝ સેન્ટર ખાતે બરફના અમરનાથના દર્શન બાળકો માટે વિવિધ રમતો શિવ અતરણ વિડીયો શો તથા ધ્યાન કુટીરમાં દર્શનનો લાભ લઈ ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. શહેરના શિવમંદિરો ઉપરાંત શહેર નજીકના ધોળેશ્વર મંદિરમાં પણ વિશેષ શિવપુજામાં ભાવિકોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

જયારે કોટેશ્વર મહાદેવ મંદિરમાં શિવજીની પુજા , શણગાર અને મહાઆરતીમાં પણ શિવભક્તોની ભીડ જોવા મળી હતી. વાસણિયા મહાદેવ ખાતે ભોળાનાથના પૌરાણિક મંદિરમાં સવારથી જ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી ભાવિકોનો ઘસારો રહ્યો હતો. ભાવિકોએ રાત્રિ પુજાના દર્શનનો પણ લાભ લીધો હતો. શહેરમાં લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફોર્ટ આયોજિત રામકથા મેદાન ખાતે રાત્રીના ચાર પ્રહરની પુજા પણ ભાવિકોમાં શ્રધ્ધાનુ કેન્દ્ર સ્થાન બની હતી. સંસ્કાર ગૃપના બાળકોએ પણ સવાર ૯ થી ૧૦ કલાક દરમિયાન સે-૭ ના બગીચામાં મહાદેવની પુજા અર્ચના કરી જગત કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. દિવસ દરમિયાન પણ શિવમંદિરોમાં સતત ઓમ નમઃ શિવાયનો જયઘોષ ગુંજતો રહ્યો હતો. વિવિધ શણગારથી સુશોભિત શિવમંદિરો ભાવિકોની આસ્થાનુ કેન્દ્ર સ્થાન રહ્યા હતા. ભોળાનાથની કૃપા મેળવવા માટે ભાવિકોએ શ્રધ્ધાપુર્વક રાત્રિના પણ પુજા અને મંત્ર જાપ કર્યા હતા. સે-૨૨ પંચદેવ મંદિર પાસે ભવ્ય મેળામાં પણ શહેરીજનો તેમજ આસપાસના ગ્રામજનો માટી સંખ્યામાં જોડાયા હતા. ભવ્ય અને પરંપરાગત મેળામાં બાળકોએ પણ વિવિધ રાઈડસની મજા માંણી હતી. વિવિધ મંદિરોમાં ભાવિકોએ પ્રસાદસ્વરૂપે ભાંગ પણ પીધી હતી.

યોગ્ય ઠેરવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવેલ હતા પરંતુ રાજકીય કાવાદાવા નિષ્ફળ ગયા.

મેયર શ્રીમતી રીટાબેન પટેલે બહુમતી સભ્યોના ટેકા સાથે વિજય મેળવ્યો હોવા છતાં તેમને હોદ્દાથી દૂર રાખવા માટે પ્રયાસ થયો હતો. વિપક્ષના સભ્યોએ હાઈકોર્ટમાં બે પિટિશન કરી હતી. પરંતુ આખરે સત્યનો જ વિજય થાય છે તે વાત હાઈકોર્ટમાં સાબિત થઈ છે. પાટનગરને ગ્રીન અને ક્લિન સિટીની સાથે સ્માર્ટ સિટી બનાવવાના ધ્યેય સાથે કામ કરી રહેલા શાસક પક્ષના હોદ્દેદારો તથા કાઉન્સિલરો, પક્ષના હોદ્દેદારો અને સભ્યોના આત્મવિશ્વાસ અને ઉત્સાહમાં વધારો કરતા આ હુકમના પગલે સત્યનો વિજય થયો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ